લંડનમાં ટુગેધર યુકે ફાઉન્ડેશનનો પ્રારંભ

ભારત જેવા ઉભરતા સુપર પાવર અર્થતંત્રો સાથે ગાઢ સંબંધો બાંધીને આપણા સારા ભવિષ્ય માટે કામ કરી શકાય - બેરોનેસ ફોસ્ટર

- સંગીતા વોલ્ડ્રોન

લંડન: લંડનમાં એક ખાનગી સમારોહ ખાતે 23 નવેમ્બરના રોજ રાજકારણ, બિઝનેસ અને મીડિયા જગતના મહાનુભાવોની હાજરી મધ્યે નોર્ધન આયર્લેન્ડના પૂર્વ ફર્સ્ટ મિનિસ્ટર બેરોનેસ આર્લિન ફોસ્ટર દ્વારા સ્થાપિત ટુગેધર યુકે ફાઉન્ડેશનનનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે નોર્ધન આયર્લેન્ડના મિનિસ્ટર ઓફ સ્ટેટ અને સાંસદ સ્ટીવ બાકર, ભારતના ડેપ્યુટી હાઇકમિશ્નર, ઇઝરાયેલના બ્રિટન ખાતેના ડેપ્યુટી એમ્બેસેડર અને રાજકીય નેતાઓ સહિતના મહાનુભાવો હાજર રહ્યાં હતાં.

આ ફાઉન્ડેશનની રચના યુનાઇટેડ કિંગડમના તમામ હિસ્સાની એકતાના કારણે થતા લાભ પર ચર્ચા કરવા અને તે અંગેની માહિતી આપવા કરાઇ હતી. યુકેમાં આપણે તમામ રાજકીય વિચારધારા અને સંસ્કૃતિના લોકો એકજૂથ છીએ તે બાબત મહત્વની છે. ફાઉન્ડેશનની સ્થાપના સ્વતંત્ર અને વાસ્તવિકતા પર આધારિત માહિતી પૂરી પાડી એકસૂરે અવાજ ઉઠાવવાના લક્ષ્યાંક સાથે કરાઇ છે.

સમારોહમાં બેરિસ્ટર રવિ નાયર, મિનિસ્ટર ઓફ સ્ટેટ ફોર નોર્ધન

ડે. હાઇકમિશનર અને સંગીતા વોલ્ડ્રોન

આયર્લેન્ડ સ્ટીવ બાકર, ઇન્ડિયન કાઉન્સિલ ઓફ સ્કોટલેન્ડના પ્રમુખ નીલ લાલ સહિતના મહાનુભાવોએ સંબોધન કર્યું હતું. તેમાં પણ નીલ લાલનું સંબોધન ઘણું પ્રેરણાદાયી રહ્યું હતું. નીલ લાલને તાજેતરમાં જ યુકેમાં સૌથી વગદાર એવા પાંચમા બ્રિટિશ ભારતીય જાહેર કરાયા છે. તેમણે બ્રિટનને એકજૂથ રાખવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

આ ફાઉન્ડેશન નોન પ્રોફિટ ઓર્ગેનાઇઝેશન હોવા ઉપરાંત કોઇ રાજકીય પાર્ટી સાથે સંકળાયેલું નથી. હું ગૌરવ સાથે કહી શકું છું કે અમારા બોર્ડના અધ્યક્ષ અને તમામ ટ્રસ્ટી મહિલા છે. આવું ભાગ્યે જ

હળવી પળોમાં ચર્ચા કરતા મેરુલ પટેલ અને પ્રતીક દત્તાણી

જોવા મળે છે. ફાઉન્ડેશનના અધ્યક્ષ બેરોનેસ આર્લિન ફોસ્ટર છે જ્યારે શીલા ડેવિડ્સન, એલિસન રેન્કિન-ફ્રોસ્ટ અને મેલાની હેમ્પટન, ફરાહ સાસૂન, હું પોતે, પેટ્રન્સ લેડી જેન ગ્રોસવેનોર અ જેફ એડવર્ડ્સ એમબીઇ બોર્ડમાં સામેલ છે.

આ પ્રસંગે બેરોનેસ ફોસ્ટરે જણાવ્યું હતું કે, અમારી સંસ્થા યુકેના દરેક હિસ્સામાં જનતાને સાંકળી લઇ આપણે ઓછી ઉત્પાદકતાની સમસ્યાને કેવી રીતે દૂર કરી શકીએ અને ભારત જેવા ઉભરતા સુપર પાવર અર્થતંત્રો સાથે કેવી રીતે ગાઢ સંબંધો બાંધીને આપણા સારા ભવિષ્ય માટે કેવી રીતે કામ કરી શકીએ તેનાથી માહિતગાર કરવા માગીએ છીએ. બેરોનેસ ફોસ્ટરે સી બી પટેલનો વિશેષ ઉલ્લેખ કરતાં તેમના સહકાર માટે આભાર માન્યો હતો અને એશિયન વોઇસની પ્રભાવશાળી કામગીરીને બિરદાવી હતી.

ટુગેધર યુકે ફાઉન્ડેશનમાં અમે દરેકને આવકારીએ છીએ. તમે અમારી વેબસાઇટ www.togetherukfoundation.com પરથી વધુ માહિતી પ્રાપ્ત કરી શકો છો.

ટુગેધર યુકે ફાઉન્ડેશન ખાતે અમે આફ્રિકન કહેવતમાં માનીએ છીએ, જો તમે ઝડપથી જવા ઇચ્છો છો તો એકલા જાવ, જો તમે દૂર સુધી જવા ઇચ્છો છો તો સાથે મળીને જાવ..

ટુગેધર યુકે ફાઉન્ડેશનના 4 મૂલ્યો અને 5 સિદ્ધાંતો

મૂલ્યો: 1 સમાવિષ્ટ અને વૈવિધ્યસભર, 2 સહિષ્ણુ., 3 પારદર્શક, 4 સાતત્યના 3 સ્થંભ – પર્યાવરણ, સમાજ અને અર્થતંત્ર

સિદ્ધાંતો: 1 બિનસાંપ્રદાયિક, 2 રાજકારણથી દૂર, 3 એકતા – વિભાજનથી દૂર સહભાગિતા, 4 વિશ્વાસ જ શાંતિ છે, 5 વૈવિધ્યતાની જાળવણી

યુકેની વાસ્તવિકતાઓ: બ્રિટિશ કાઉન્સિલની વેબસાઇટમાંથી

યુકે આંતરરાષ્ટ્રીય કૂટનીતિમાં મોટું પરિબળ હોવા સાથે વિશ્વની અગ્રીમ લશ્કરી શક્તિ અને વ્યાપક વૈશ્વિક સાંસ્કૃતિક પ્રભાવ ધરાવતો દેશ છે. વિશ્વના દર 4માંથી એક દેશના વડાએ યુકેમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. હાયર એજ્યુકેશનમાં યુકે વિશ્વમાં બીજું સ્થાન ધરાવે છે અને સાયન્સમાં ફક્ત અમેરિકા જ બ્રિટન કરતાં વધુ ટોપ 100 યુનિવર્સિટી અથવા તો નોબલ પુરસ્કાર વિજેતા ધરાવે છે. ગ્લોબલ હાયર એજ્યુકેશનમાં ઓક્સફર્ડ યુનિવર્સિટી ટોચના સ્થાને છે. તાજેતરમાં આયોજિત ઓલિમ્પિક અને પેરાલિમ્પિકમાં યુકે ટોચના મેડલ

ડે. હાઇકમિશનર, લવીના ટંડન, સ્ટીવ બેકર, બેરોનેસ ફોસ્ટર, નીલ લાલ, સંગીતા વોલ્ડ્રોન, અશોક ચૌહાણ

વિજેતાઓમાં સામેલ રહ્યો હતો. બિઝનેસ અને ઇન્ટરનેટમાં ઇંગ્લિશ વૈશ્વિક ભાષાનું સ્થાન ધરાવે છએ અને 2020 સુધીમાં વિશ્વના 25 ટકા લોકો અંગ્રેજી બોલતાં હતાં. હાયર એજ્યુકેશન દર વર્ષે નિકાસ દ્વારા 14 બિલિયન પાઉન્ડનું વળતર આપે છે જ્યારે ક્રિએટિવ ઇન્ડસ્ટ્રી વધુ 20 બિલિયન પાઉન્ડનો લાભ કરાવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આ સેક્ટરોમાં મૂડીરોકાણ ન કેવળ યુકેને નવી વૈશ્વિક ભુમિકા અપાવશે પરંતુ તેના આર્થિક વિકાસમાં સ્થિરતા લાવવામાં પણ મદદરૂપ બનશે.

ઓક્ટોબર 2021માં 118 મહિલાઓ એશિયા અને અમેરિકામાંથી સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સમાં એક વર્ષનો માસ્ટર કોર્ષ કરવા યુકે આવી હતી. 2020માં આ સ્કોલરશિપ પ્રોગ્રામનો પ્રારંભ કરાયો હતો અને 22 દેશની મહિલાઓ તેનો લાભ લઇ શકે છે. હવે આ પ્રોગ્રામના લાભ ઇજિપ્ત, તૂર્કી અને યુકેનની મહિલાઓને પણ અપાઇ રહ્યાં છે. ડિસેમ્બર 2021માં યુકેની 26 યુનિવર્સિટી સાથે કરાર કરી 140 મહિલાઓને સ્કોલરશિપની તક અપાઇ હતી.

(તમામ ફોટો: વિનિત જોહરી)

કન્ઝર્વેટિવ ફ્રેન્ડ્સ ઓફ ઇન્ડિયાના નેજામાં ટોરી સાંસદોની બેઠક યોજાઇ

હાઇકમિશ્નર દોરાઇસ્વામીએ સાંસદોને યુકે-ઇન્ડિયા એફટીએથી માહિતગાર કર્યા

વિઝા પ્રક્રિયા સરળ બનાવવા વિક્રમ દોરાઇસ્વામીનું સાંસદોને વચન

લંડન: બ્રિટન ખાતેના ભારતના હાઇ કમિશ્નર વિક્રમ દોરાઇસ્વામીએ ગયા સપ્તાહમાં કન્ઝર્વેટિવ ફ્રેન્ડ્સ ઓફ ઇન્ડિયાના નેજા હેઠળ સંસદમાં આયોજિત કરાયેલી ગોળમેજી બેઠકમાં કન્ઝર્વેટિવ સાંસદોને સંબોધન કર્યું હતું. યુકે અને ભારત વચ્ચે સંભવિત મુક્ત વેપાર કરારના પાસાઓ પર સાંસદોને માહિતગાર કરવા કન્ઝર્વેટિવ ફ્રેન્ડ્સ ઓફ ઇન્ડિયાએ આ બેઠકના આયોજનમાં નેતૃત્વ લીધું હતું. આ પ્રસંગે હાઇ કમિશ્નરે યુકે અને ભારત વચ્ચેના ભાવિ સંબંધો અંગે સાંસદોને માહિતગાર

બેઠક દરમિયાન (ડાબેથી) રીના રેન્જર, અમિત જોગિયા, હાઈકમિશનર વિક્રમ દોરાઈસ્વામી અને રેમી રેન્જર

મુદ્દાઓને આવરી લીધાં હતાં. સાંસદો દ્વારા ભારતના વિઝા મેળવવાની પ્રક્રિયા પર રજૂઆત કરાઇ હતી. સાંસદોએ જણાવ્યું હતું કે, ઘણા લોકોને વિઝા મેળવવામાં સંઘર્ષ કરવો પડે છે. તેમણે ઇ-વિઝાની સિસ્ટમ પુન:લાગુ કરવાની માગ કરી હતી. હાઇકમિશ્નરે આ મામલે ઘટતું કરવાનું વચન આપ્યું હતું. આ પ્રસંગે હાઇકમિશ્નરે યુકે અને ભારત વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવામાં ભજવેલી ભુમિકા માટે કન્ઝર્વેટિવ ફ્રેન્ડ્સ ઓફ ઇન્ડિયાને અભિનંદન પાઠવ્યાં હતાં. કન્ઝર્વેટિવ ફ્રેન્ડ્સ ઓફ ઇન્ડિયા હાલ અમિત જોગિયા એમબીઇ અને રીના રેન્જર એમબીઇના નેતૃત્વમાં કામ કરતું ટોરી પાર્ટીનું સૌથી મોટું જૂથ છે.

ભારતીય હાઈકમિશનર વિક્રમ દોરાઈસ્વામી સાથે કન્ઝર્વેટિવ ફ્રેન્ડ્સ ઓફ ઈન્ડિયાના સાસંદો

કર્યાં હતાં અને હાલની ભૌગોલિક-રાજકીય સ્થિતિ, ક્લાઇમેટ ચેન્જ તેમજ આર્થિક વિકાસ જેવા

નર્સોની હડતાળ: સ્થિતિને પહોંચી વળવા સેનાને મેદાનમાં ઉતારાશે

લંડન: ડિસેમ્બર મહિનામાં એનએચએસની નર્સો અને અન્ય કર્મચારીઓ દ્વારા પડાનારી હડતાળોના કારણે સર્જાનારી સ્થિતિને પહોંચી વળવા આરોગ્ય અને સંરક્ષણ સત્તાવાળાઓ સાથે મળીને યોજના તૈયાર કરી રહ્યાં છે જેમાં સેનાના કર્મચારીઓ એમ્બ્યુલન્સ ચલાવશે અને હોસ્પિટલોમાં અગ્રીમ સેવાઓ પણ કરશે. આગામી મહિનાઓમાં નર્સોની સાથે એમ્બ્યુલન્સ ડ્રાઇવરો, પેરામેડિક્સ, ક્લીનર્સ, કેટરિંગ સ્ટાફ, ક્લેરિકલ સ્ટાફ અને જુનિયર ડોક્ટરો પણ હડતાળ પર જઇ શકે છે. તેથી સત્તાવાળા હવે નાગરિક સત્તાવાળાઓને મદદ કરવા લશ્કરની સેવા લેવાની તૈયારી કરી રહ્યાં છે.

ગૂડવિનમાં અજય પાઠકની લંડન ઓફિસના કો-ચેર તરીકે નિયુક્તિ

અમે પાંચ મુખ્ય ક્લાયન્ટ ઇન્ડસ્ટ્રી પર ધ્યાન કેન્દ્રિત કરીશું : અજય પાઠક

લંડન: ગૂડવિને તેના ફંડ પાર્ટનર અજય પાઠકની લંડન ખાતેના નવા સહાધ્યક્ષ તરીકે નિયુક્તિની જાહેરાત કરી છે. અજય પાઠક પાંચ વર્ષથી આ હોદ્દા પર કાર્યરત પોલ લિયોન્સનું સ્થાન લેશે. લીગલ 500માં અગ્રણી વ્યક્તિ તરીકેનું રેન્કિંગ પ્રાપ્ત કરનાર અજય પાઠક તેમના સમકક્ષ ગેમ્મા રોબર્ટ્સ સાથે મળીને ઓફિસનું નેતૃત્વ કરશે. ગેમ્મા રોબર્ટ્સે 2021માં સામન્થા લેક કોઘલેનનું સ્થાન લીધું હતું.

2017થી અત્યાર સુધીના લિયોન્સના કાર્યકાળમાં બોસ્ટન-બ્રેડ સ્થિત કંપનીની લંડન સ્થિત શાખાએ નોંધપાત્ર વિકાસ કર્યો છે. ગયા વર્ષે લંડનની શાખાએ કંપનીની વૈશ્વિક આવકના 8.2 ટકાની આવક કરી હતી. કંપનીનું ટર્નઓવર 2020માં 99.1 મિલિયન પાઉન્ડથી 63 ટકા વધીને 161.8 મિલિયન પાઉન્ડ પર પહોંચ્યું હતું.

હોદ્દો સંભાળતા અજય પાઠકે જણાવ્યું હતું કે, 2017માં હું જોડાયો ત્યારે કંપનીમાં ફક્ત 40 વકીલ કામ કરતા હતા જે સંખ્યા હવે 200ને પાર કરી ગઇ છે. અમે લાઇફ સાયન્સિઝ, ટેકનોલોજી, પ્રાઇવેટ ઇક્વિટી, રિઅલ એસ્ટેટ અને ફાઇનાન્સિયલ સર્વિસિઝ એમ પાંચ મુખ્ય ક્લાયન્ટ ઇન્ડસ્ટ્રી પર અમારું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છીએ. આ વ્યૂહરચના અમને મજબૂત બનાવશે અને વૈશ્વિક ક્લાયન્ટોને વધુ સારી સેવા આપી શકાશે.